# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

તાટસ્થ્ય, સત્ય, ન્યાય અને નીતિ ઊંડી ગર્તામાં છે,
ખૂટે ઘણા ગુણ 'વડાપદ'માં મોટા ખર્ચામાં છે
ફડચામાં છે કારકીર્દી મૂલ્યનાં સંરક્ષણની -
નિવેદન - શૂરા આ 'ફેંકુજી' રાષ્ટ્રીય ચર્ચામાં છે..

## હાઇકુ

પનડૂબીમાં,
સૂતેલી સેના સાથે
ડૂબી મરીએં..
(ભાંગફોડ ની શક્યતા)

થયું પતન,
બિચારા પોલીસોનું -
એના સાનિધ્યે!
(મોરલ તૂટ્યું - પાઠક પડ્યા)

## ચિંતન

વરં ન રાજ્યં ન કુરાજ્યં વરં ન મિત્રં મ કુમિત્રમિત્રમ્ ।
વરં ન શિષ્યો ન કુશિષ્યો વરં ન દારા ન કુદારદારાઃ ॥

'ખરાબ-અંધેર-અવ્યવસ્થાવાળું રાજ્ય કુરાજ્ય હોવા કરતાં રાજ્ય ન હોવું વધારે સારૂં છે. દુષ્ટ-દગાબાજ મિત્ર હોય તેના કરતાં મિત્ર ન હોય તો સારૂં - અનાંજ્ઞાંકિત-દુષ્ટ શિષ્ય હોય એના કરતાં શિષ્ય ન હોય તે વધારે સારૂં છે અને દુષ્ટ સ્વભાવ-આચરણવાળી પત્ની હોય એના કરતાં પત્ની ન હોય તે વધારે સારૂં - ઉત્તમ જ છે.'

જ્યાં કાયદો-વ્યવસ્થા અને ન્યાય નથી એ કુરાજ્ય છે પાકિસ્તાનમાં આજે આ બધી બાબતે ખાડે ગઇ છે આવું રાષ્ટ્ર હોવા કરતાં ન હોય તે સારૂં - ખૂન અને ફાંસીના પાયા પર ઊભેલું રાષ્ટ્ર નર્કાકાર છે.

મિત્ર સુખ-દુખનો સાથી છે સાચી સલાહ આપનાર અને કપરા સમયમાં સાથ આપનાર છે પરંતુ ખરા સમયે દગાબાજી કરે અને દુષ્ટતાપૂર્વકનું વર્તન કરે એવા મિત્ર કરતાં તો કોઇ પણ મિત્ર ન હોય એ વધારે સારૂં છે.

ખરાબ ચરિત્ર અને દુષ્ટ સ્વભાવ ધરાવનારી પત્ની ચિંતા અને ઉપાધિનું પોટલું છે. આવી પત્ની કરતાં તો પત્ની ન હોય તે સારૂં!

## સુવિચાર

- આજે જે પુરૂષાર્થ છે તે કાલનું ભાગ્ય છે - **વજુ કોટક**
- તમને ગમતું કામ શોધી લો પછી આખી જીંદગી તમારે વેઠ નહીં કરવી પડે - **એન્ટોન ચેખોવ**
- કોઇ પણ કાર્ય માટે સૌ પ્રથમ હૃદય નિર્ણય કરે છે, મન યોજના ઘડે છે, હાથ અમલ કરે છે - **સંત રોબિન**
- કાર્યને વાવશો તો સ્વભાવને લણશો, સ્વભાવને વાવશો તો ચારિત્ર્યને લણશો, અને ચારિત્ર્યને વાવશો તો ભાગ્યને લણશો - **મુની રત્ન સુંદર વિજયજી**
- માત્ર શાસ્ત્રો વાંચીને ઇશ્વર જાણવો એ તો એવી વાત છે કે, જેમ નકશામાં બનારસ શહેર જોઇ એનું વર્ણન સાંભળવું - **ઓશો**
- હે ઇશ્વર, તમારી વાણી તો સરળ જ છે, પરંતુ જેઓ તમારા વિશે જણાવે છે, એ વાણી અમને સમજાતી નથી - **ભાણદેવ**
- પરાજય ક્ષણિક હોય પણ તેને બનાવે તે હતાશા - **સંત રોબિન**

## બોધ કથા

ઘણીવાર કેટલાક માણસોને પોતાની બુદ્ધિ, આવડત, કાબેલિયત પર ખોટો આત્મવિશ્વાસ અને ગેરસમજ હોય છે કારણ કે એની આસપાસના લોકો સહનશીલ અને મૌન રહી એની ગુસ્તાખી સહન કરી લેતા હોય છે અને 'એક દિવસ પાપનો ઘડો ફૂટશે' એની રાહ જોતા હોય છે.

એક ઉજ્જડ ગામમાં ખેર-બોરડી જેવાં નાનાં કાંટાળાં ઝાડ હતાં એમાં એક ઘટાદાર એરંડો ફૂટ્યો. નાનાં નાનાં ઝાડા-ઝાંખરાંની એણ પોતાના રોફથી બોલતી જ બંધ કરી દીધી હતી.

બધાં નાના ઝાડવાનો એક 'સંઘ' રચાયો અને આ એરંડા-પ્રધાનની શાન ઠેકાણે લાવવાનો નિર્ણય કર્યો. સંઘના સરસંચાલકે આવીને એરંડાને વિનંતી કરી તમારૂં સ્થાન અહીં ઉજ્જડ ગામમાં નથી પણ દિલ્હી જેવા વિશાળ વનમાં છે ત્યાં જશો તો તમારાં માન-પાન વધી જશે અને વિશ્વમાં તમારો આદર થશે.

એરંડો ભરમાઇ ગયો. અને દિલ્હીના વિશાળ વનમાં પહોંચ્યો ત્યાં તો વિશાળ વટવૃક્ષો-લીંબડા પીપળાના વન જોઇ ખૂદ શરમાઇ ને કરમાઇ ગયો... મનમાં થયું- આપણે ઉજ્જડ ગામમાં જ પ્રધાન તરીકે ઠીક હતા.

Email - sureshchandrabhatt18@gmail.com

# મનની સમસ્ત શક્તિઓનું એકીકરણ - એકાગ્રતા

## ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે...

- હર્ષદ પ્ર. શાહ

પ્રત્યેક મનુષ્ય સફળતા ઇચ્છે છે, પરંતુ સફળતાની જે પૂર્વશરત છે એવી 'એકાગ્રતા'ની સાધના કરવાની દૃષ્ટિ પ્રત્યેકને નથી. જેમ કોઇ પણ કાર્યમાં સફળતા મેળવવા માટેની પૂર્વશરત એકાગ્રતા છે તેમ એકાગ્રતા છે તેમ એકાગ્રતા સાધી શકવી એ એક અદ્ભૂત સફળતા છે.

એકાગ્રતાનો સીધો સંબંધ મન સાથે છે. મન ચંચળ છે. એને અચલ બનાવવાથી એકાગ્રતા સાધી શકાય. ઊછળતા મોજાના સ્વામી સમુદ્ર જેવું મન હોય છે... એકાગ્રતાથી એ નીરવ સરોવર જેવું બનાવી શકાય છે. ઊછળતાં વિચારોને નિસ્તબ્ધ કરવા અને ભાવનાના આવેગોને શાંત કરવા એ એકાગ્રતાની સાધનાનું પ્રથમ ચરણ છે. કોઇ પુષ્પ, સંત, ઇષ્ટદેવ કે હૃદયના ઉજ્જવળ પ્રકાશ પર મનને એકાગ્ર કરવાથી અનિષ્ટ વિચારવમળ શાંત થાય છે.

એકાગ્રતાનો અર્થ છે મનોવૃત્તિઓનો નિગ્રહ કરવો; એકાગ્રતાનો અર્થ છે મનને એક જ રૂપમાં દીર્ઘકાળ સુધી સ્થિર રાખવું. મનની સ્થિરતાની આડે આવતી બધી મુશ્કેલીઓ દૂર કરવા માટે કોઇ એક વસ્તુ પર મનને એકાગ્ર કરવાનો અભ્યાસ કરવો જોઇએ.

એકાગ્રતા વિષયવિકાર અને કામનાઓનું શમન કરે છે, ચિંતા અને ગભરાટ દૂર કરી આનંદરૂપ સ્થિતિ પ્રાપ્ત કરાવે છે. એકાગ્રતા વ્યગ્રતાને નષ્ટ કરી સ્થિર ચિંતનરૂપ મન-સ્થિતિ સર્જે છે. આળસ, શિથિલતા અને કુવિચારોને દૂર રાખી વ્યાવહારિક સંવેદનાપૂર્ણ ભાવાતિરેકની સ્થિતિ પ્રાપ્ત કરવામાં એકાગ્રતા મદદ કરે છે.

> એકાગ્રતાનો સ્મરણશક્તિ સાથે ગહન સંબંધ છે, નાની ઉંમરમાં વિદ્યાર્થી અવસ્થામાં જો એનો યોગ્ય વિકાસ સાધવામાં આવે તો એ સમગ્ર જીવનનું પાથેય બની શકે છે

સાંસારિક કામનાઓ અને પ્રવૃત્તિઓ ઘટાડવાથી તથા રોજ થોડો સમય મૌન પાળવાથી એકાગ્રતાની શક્તિ વધે છે. એકાગ્રતાના સમયે માનસપટ પર એક જ તરંગ ઊઠે છે. મન માત્ર એક જ વસ્તુમાં તન્મય બને છે. મનમાં બાકીમાં બધા કાર્યો સ્થગિત થઇ જાય છે.

એકાગ્રતાની સાધનામાં અનેક ઉદાહરણો આપણા સમાજજીવનમાં પ્રસ્તુત થયાં છે. એકાગ્રતાની સાધનાની અદ્વિતીય સિદ્ધિનાં એવાં રૂપો સાથે આપણે તદ્રૂપ થઇએ તો કેવું?

૧૮૯૦ માં સ્વામી વિવેકાનંદ ઉત્તર ભારતની યાત્રાએ નીકળ્યા. હૃષીકેશમાં સ્વામીજી અત્યંત અસ્વસ્થ થઇ ગયા. ગંભીર રીતે બીમાર પડી ગયા. સ્વામી બ્રહ્માનંદજીએ હરિદ્વાર લઇ જઇને તેમની સારવાર કરાવી અને વિશ્રાંતિ માટે તેમને મેરઠ મોકલ્યા. ત્યાં પણ તેમનું ધ્યાન, અધ્યયન અને સંસ્કૃત પાઠશાળાનું કામ શરૂ થઇ ગયું.

સ્થાનિક પુસ્તકલાયમાંથી સ્વામીજી માટે પુસ્તકો લાવવામાં આવતાં. એક વખત સ્વામીજીના કહેવાથી સ્વામી અખંડાનંદ પ્રસિદ્ધ અંગ્રેજ લેખક સર જહોન લબ્બાકનાં બધાં જ પુસ્તકો લઇ આવ્યા. બીજે દિવસે જ્યારે તેઓ આ બધાં પુસ્તકો પરત કરવા ગયા ત્યારે ગ્રંથપાલની ધીરજ ખૂટી ગઇ. તેણે કહ્યું, 'કેટલાય દિવસથી હું જોઉં છું કે તમે મોટા મોટા ગ્રંથો લઇ જાવ છો અને બીજે દિવસે પરત કરો છો. તમે આ વાંછો છે કે કેવળ મને હેરાન કરવા જ આમ કરી રહ્યા છે?'

આ સમાચાર મળતાં સ્વામીજી પોતે જ પુસ્તકાલયમાં ગયા. તેમણે કહ્યું, 'આ બધા જ પુસ્તકો મેં વાંચ્યા છે. તમને કંઇ શંકા છે?'

ગ્રંથપાલે કહ્યું, "ક્ષમા કરજો, પરંતુ સર જહોન લબ્બાકનાં આટલા મસમોટા પુસ્તકો તમે એક જ દિવસમાં પરત કરો તો મારે શું સમજવું?"

સ્વામીજીએ પૂછ્યું, 'પુસ્તકની અંદરથી તમારે જે પૂછવું હોય તો પૂછો.'

ગ્રંથપાલે પ્રશ્નો પૂછવાનો પ્રારંભ કર્યો. ગૂંચવાડાભર્યા અનેક પ્રશ્નોની વિવિધતા અને જટિલતા કોઇને પણ મૂંઝણવમાં મૂકી દે તેમ હતી. સ્વામીજીના સ્પષ્ટ, તર્કપૂર્ણ અને સંપૂર્ણ જવાબોથી તેના આશ્ચર્યની કોઇ સીમા ન રહી. તેને આ બધું અતિમાનવીય લાગતું હતુ. સ્વામીજીના ચરણે પડીને તેણે કહ્યું, 'મારી ધૃષ્ટતા બદલ ક્ષમા કરજો. તમે તો દેવપુરૂષ છે. પરંતુ આ ચમત્કાર હજી મને સમજાતો નથી!'

સ્વામીજીએ કહ્યું, 'આ તો સાવ સામાન્ય વાત છે. નાનો બાળક એક અક્ષર વાંચે છે. પછી પૂર્ણ શબ્દ - પૂર્ણ વાક્ય એકસાથે વાંચે છે. એવી રીતે હું સંપૂર્ણ પૃષ્ઠ એકસાથે વાંચુ છું. એવી રીતે વાચન કરવાને કારણે હું ઓછાં સમયમાં વધુ વાંચી શકું છું. આ કેવળ અભ્યાસ અને એકાગ્રતાનો વિષય છે. આમાં દૈવી કે અતિમાનવીય જેવું કશું જ નથી.'

ગ્રંથપાલ એક નવીન અનુભૂતિ કરી રહ્યો હતો. એકાગ્રતા એક શક્તિ છે, સિદ્ધિ છે, ચમત્કાર છે! પરંતુ અભ્યાસ - અધ્યયનતી સહજસાધ્ય પણ છે. સ્વાતંત્ર્યવીર સાવરકરજીની સ્મરણશક્તિ પણ અદ્ભૂત હતી. અંગ્રેજ સલ્તનતની સામે સશસ્ત્ર ક્રાંતિના દંડરૂપે તેમને ૪૦ વર્ષની કેદની સજા થઇ હતી. બબ્બે વાર જ જન્મટીપની સજા! આંદામાનની જેલની ભયંકર એકાંત કાળી કોટડીમાં તેમને રાખવામાં આવ્યા હતા.

જેલની ભયંકર યાતનાઓની વચ્ચે પણ ત્યાંની એકાંત જિંદગીમાં તેમનાં હૈયામાં કવિતાઓ સળવળી ઊઠી. પાણીપતના યુદ્ધ વિશે મરાઠી ભાષામાં એમને એક મોટું કાવ્ય રચી નાખ્યું. જેલમાં એમની પાસે લખવાનું તો કોઇ સાધન હતું નહીં. એટલે જેલની દીવાલો ઉપર કાંટા વડે કાવ્ય કોતર્યું. આ કાવ્યને વારંવાર વાંચીને તેમણે તે આખું યાદ કરી લીધું. હજારો લીટીઓ તેમને મોઢે કરી લીધી હતી. જેલમાં છૂટ્યા બાદ આ કાવ્ય એમને કાગળ પર લખ્યું અને છાપ્યું.

એકાગ્રતાનો સ્મરણશક્તિ સાથે ગહન સંબંધ છે. નાની ઉંમરમાં વિદ્યાર્થી અવસ્થામાં જો એના યોગ્ય વિકાસ સાધવામાં આવે તો એ સમગ્ર જીવનનું પાથેય બની શકે છે.

મનુષ્યના વિચારોની શક્તિની કોઇ સીમા નથી. એમાં પ્રકાશથીયે અધિક ગતિ છે અને પરમાણુથીયે અધિક શક્તિ છે. મનુષ્ય પોતાના મનને જેટલું એકાગ્ર કરી શકે તેટલી જ એની અવધાન શક્તિ વધતી જશે. ચિત્તની એકાગ્રતા એ યોગની સમાપ્તિ નથી, શરૂઆત છે.

એકાગ્રતાની શક્તિનો અત્યંત, વ્યવહારિક ઉપયોગ છે. પોતાના વ્યવસાય માટે ઉપયોગી બાબતો, શબ્દો, આંકડા યાદ રાખી શકાય છે, પરિણામે સમયની બચત કરી શકાય છે. સામાજિક કાર્યકર્તા સમાજ-રાષ્ટ્રને લગતી બાબતો કંઠસ્થ રાખીને પ્રસ્તુત કરે તો એ પ્રભાવકારી સાબિત થાય છે. એકાગ્રતાને કારણે કાર્ય કરવાની ઝડપ વધે છે અને ઘણો સમય બચે છે. આ રીતે સમયનો સદુપયોગ વિવિધ શક્તિના વિકાસમાં કરી શકાય. કોઇ પણ વિષયના ઊંડાણ સુધી પહોંચવામાં પણ એકાગ્રતાનું અવલંબન આવશ્યક છે.

સ્વામી રામતીર્થ એકાગ્રતાની શક્તિનો મહિમા આ શબ્દમાં વ્યક્ત કરે છે - 'જગતમાં સિદ્ધિ હાંસલ કરવાની હોય તો એકાગ્રતા કેળવો. જે કામ કરતા હો તેમાં તમારી જાતને ડૂબાડતાં શીકો. રસનું આટલું ઊંડાંણ કેળવશો તો કોઇ પણ લક્ષ્ય સિદ્ધ કરતા વાર નહીં લાગે.'

મનને શુદ્ધ, સાત્ત્વિક વિચાર અને કાર્યમાં એકાગ્ર કરી આપણે સહુ ઊર્ધ્વગામી બનવાનો સ્તુત્ય પ્રયાસ કરીએ

# ગાંધીનગરની 'હાશ' ભરી જિંદગીમાંથી કયારેક સાવ નજીકમાં પેઢામલી ગામે રહેતા આવા યુગલ જલદીપ-સ્નેહાને મળશો તો એમને ગમશે... સાચે જ ગુજરાતનું એ સાચું યૌવન ધન છે

## પૂણ્ય પરવાર્યું નથી

- ભાનુપ્રસાદ પુરાણી

વીજાપુર તાલુકાનું સાવ અંતરિયાળ ગામ પેઢામલી. એ ગામમાં એક સેવકરામ રહે છે. એ અને એમના પત્ની. મૂળ નામ તો એમનું જલદીપ અને સ્નેહા. કેવા સરસ નામ! હજુ તો ત્રીસી પણ વટાવી નથી એવો એ ફાંકડો જુવાન જલદીપ અઠ્ઠાવીસનો અને એની ધર્મપત્ની સ્નેહા ચોવીસ વર્ષનાં, એ યુગલે સંકલ્પ લીધો છે ગ્રામ ઉત્થાનનો માટે જ તો મારે મન એ સેવકરામ છે.

ગાંધી મિત્રવર્તુળ ગાંધીનગરનાં થોડાંક ગાંધીજનો સાથે ૧૫મી ઓગસ્ટે અમે પેઢામલી ગામની તેમની મુલાકાત લીધી. હા, પ્રેરણા હતી ગૂજરાત વિદ્યાપીઠના કુલ સચિવ ડો. રાજેન્દ્ર ખીમાણીજીની / ફોન પર એમણે કહ્યું : ભાનુભાઇ / વિદ્યાપીઠમાં તૈયાર થયેલો અમારો એક યુવાન જલદીપ એની પત્ની સાથે પેઢામલીમાં ધૂણી ધખાવી બેઠાં છે. એમને મળી આવો અને એમના સંકલ્પને પ્રોત્સાહન મળે એવી સરસ વાતો કરી મુલાકાત લઇ આવો.

આમ પણ ૧૫મી ઓગસ્ટ જેવો રાષ્ટ્રીય તહેવાર આ કામ માટે સુભગ ગણાય. વિદ્યાપીઠના જ વાહનમાં અમે પાંચ ગાંધી મિત્રો ઝરમરતા વરસાદમાં ત્યાં પહોંચ્યા. પેઢામલી.

ભર બપોરે વાંધા ખાવા ધાય એના ઉજ્જડ ગામમાં રણમાં જેમ મીઠી વીરડી હોય એવું જલદીપ-સ્નેહાનું નાનું એવું આશ્રમી ખોરડું. એ એમનું સેવા સદન! સાબરકાંઠાના ઇજર નજીકનું એક સાવ નાનું ગામ ત્યાંના જલદીપભાઇ. ગૂજરાત વિદ્યાપીઠમાંથી એમ.આર.એસ.કર્યું જે પછી ઘણી બધી જગ્યાએથી નોકરીની ઓફરો પણ આવવા લાગી. ગાંધીની ગ્રામ સ્વરાજની કલ્પનાને સાકાર આપવા મથતા જલદીપને વિદ્યાપીઠના સૂત્રધારો પૂછે છે : ગામડાના નવસર્જન માટે ગ્રામશિલ્પીની જરૂર છે કોણ જશે ગામડે સેવા કરવા? જલદીપના મગજમાં ઝબકારો થાય છે કે ગામડું સાદ કરે છે. જઇએ ગમશે તો રહીશું... પણ વિદ્યાપીઠના સંસ્કારો અને શિક્ષણ. આજે સાત સાત વર્ષોનાં વહાણાં વાયા. જલદીપ અને સ્નેહા ત્યાં ટકી ગયાં છે અને ટકી રહી છે એમની શ્રદ્ધા અને એમનો સંકલ્પ.

તદ્દન સાદુ એવું આશ્રમી જીવન સ્વેચ્છાએ સ્વીકારી જીવે છે શહેરમાં જીન્સ પેન્ટ અને ટી-શર્ટ પહેરી બાઇક લઇ ફરતાં યુવાનોએ એમનાં જીવનમાંથી શીખવા જેવું છે એ કહે છે : બે જણને જીવવા માટે આથી વધુ શું જોઇએ એક નાનકડો છોકરો. પાંચમુ ધોરણ ભણતો જેનું ગામમાં કોઇ નથી. માતા ગૂજરી ગઇ છે. પિતા વ્યસની છે. દત્તક લીધો છે જલદીપ. ગૌરવથી કહે છે : 'એ અમારા પરિવારનો જ છે!' એને ભણાવ- ગણાવે છે માણસ બનાવવાની મથામણ કરે છે.

ગામ આખું જાણે એમનો પરિવાર. ગામના લોકોને સ્વચ્છતાના પાઠ શીખવે છે જાતે સફાઇ કરીને ગ્રામ સફાઇ. વ્યસનમુક્તિ કાજે એ ઝઝૂમે છે શ્રદ્ધા ગૂમાવી દીધી નથી એ કહે છે : આવ્યાં ત્યારે જેવું ગામ હતું આજે એના કરતાં ઘણો સારો ફર્ક પડ્યો છે એ બંને ક્યારેક શાળામાં જઇને ભણાવવા પણ લાગી જાય છે સ્નેહા એમ.એ.બી.એડ્ છે. બાળકોને નવડાવવાં. કપડાં ધોવડાવવા સ્વચ્છ રાખવા ઉપરાંત સિંચન જેવા પ્રાર્થના - યોગ શીખવે છે.

ગામ લોકોની સાથે હળીમળી જઇ આદર્શ ગામ બનાવવાની એ યુગલની ખેવના છે.

ગામ બનાવવાની એ યુગલની ખેવના છે. એ કહે છે : ક્યારેક નિષ્ફળતા પણ મળે છે, થાકી જવાય છે છતાં હારવું નથી. છેવટે તો ગામમાં માણસો રહે છે ને? માણસ પ્રત્યેની એમની અખૂટ શ્રદ્ધાને સલામ કરવી ઘટે! એ યુગલની આંખોમાં વિશ્વાસની વીજળી ચમકી ઊઠે છે જાણે - એ કહે છે : જૂઓને માણસો વચ્ચે કામ કરવાનું છે પશુઓ વચ્ચે થાય તો આ તો માણસો!

બાજુમાં માઠી ગામ છે ત્યાં માઢી સર્વોદય આશ્રમ છે. કાંતિદાદા અને વસંત દાદા આઠ નવ દાયકાનો ઉંબરો વટાવી સેવા કાર્ય કરે છે. એ ત્યાં બેઠા છે અમને મદદ કરે છે અને એમ અમારૂં ગાડુ ચાલ્યા કરે છે એ જૂના સ્મરણો વાગોળતાં કહે છે કે મૂળ તો અહીં સંજયભાઇ રહી ગયેલા છ વર્ષો લગી આ ગામમાં એટલે એમની સેવાની સુગંધ તો અહીં હતી જ અમે તો એ સુગંધને પ્રસરાવવાનું કામ કરીએ છીએ. સંજયભાઇ એટલે વિશ્વગ્રામના સંજય - તુલા.

અમારા વચ્ચે સંવાદનો સેતુ રચાયા કરે છે ત્યાં એક ખેડૂત જેવો યુવાન દોડતો આવી જલદીપને કહે છે : ભાઇ / મારી ગાય મરી ગઇ નદી કાંઠે પડી છે / ઊભા રહો ભાઇ / હું આવું છું કહી અમને પાંચ-દશ મિનિટમાં આવું છું.' કહી એ પેલા ખેડૂત યુવાનની વહારે ધાય છે.

દસેક મિનિટમાં તો એ પાછા ય આવી જાય છે કહે : જુઓને એ ગાયનો વીમો લીધેલો હતો એ ભાઇને તો ખબર ન પડે એટલે વીમાવાળાને ફોનથી જાણ કરી આવ્યો. હવે એ આવશે જોઇ જશે અને એ ગરીબ ખેડૂતનું એનું આર્થિક વળતર પણ મળશે. એની આંખોમાં કામ કર્યાનો સંતોષ વરતાતો હતો.

ઝરમર ઝરમર વરસતા વરસાદ વચ્ચે જલદીપ અમને ગામ બતાવવા લઇ ગયા. સારાયે ગામમાં ફેરવ્યા સૌ એમને ઓળખે ને એ સૌને ઓળખે. અંબામાતાનાં મંદિરે ગયા. એ કહે : ગામમાં આ એક મંદિર છે. ગામ લોકોનું આસ્થાનું કેન્દ્ર! અમને થયું બીજું આસ્થાનું કેન્દ્ર એટલે જલદીપ. સ્નેહાનું 'સેવાસદન'

ત્રણેક કલાક અમે ગામમાં ફર્યા. આદર્શ ગામ બનાવાાના જલદીપ - સ્નેહાના સ્વપ્નાં સાથે. એમનાં સંકલ્પને તો સલામ જ કરવી પડે. સદ્ભાગ્ય છે ગુજરાતનું આવા સ્વપ્નાં લઇને ફરનારાં થોડા યુગલો અહીં છે ગુજરાતમાં! સંજય - તુલાનું વિશ્વગ્રામ - વિનય-ચારૂલ અને રાજુ-દિપ્તીનું કોબા ગામ ને હજુયે અણજાણ્યાં એવાં કેટલાંક યુવાનો યુગલો જલદીપ-સ્નેહા જેવાં ધૂણી ધખાવી બેઠાં હશે દૂર દૂર ગામડાઓમાં! એમની સેવાની સુગંધથી તો ગુજરાત ઉજ્જવલ છે રળિયાત છે.

ગાંધીનગરની 'હાશ' ભરી જિંદગીમાંથી કયારેક સાવ નજીકમાં પેઢામલી ગામે રહેતા આવા યુગલ જલદીપ-સ્નેહાને મળશો તો એમને ગમશે... સાચે જ ગુજરાતનું એ સાચું યૌવન ધન છે.

**'જય જય ગરવી ગુજરાત!'**

**જલદીપનો મો.નં. ૯૯૦૪૧૪૨૭૫૩**

# છૂટાછેડા મેળવતાં દંપતીના સંતાનનો કબજો કોર્ટ કોને અપાવી શકે? (હિન્દુ કાયદાની કલમ ૨૬ની સમજૂતી)

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

સમાજમાં લગ્નજીવન ના અંતનો નિર્ણય લેવામાં આવે ત્યારે સાહજિક રીતે જ સંતાનોનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. જયારે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થાય ત્યારે મોટા ભાગે તો માતા સંતાનો લઇને ગૃહત્યાગ કરતી હોય છે. ક્યારેકક એવા બનાવો બને છે કે પુરૂષ સ્ત્રીને ઘરમાં જ પ્રવેશ કરવા ના દે તેવા સમયે સંતાનોની કસ્ટડી પિતા પાસે હોય છે. બાળકો શાળા એ હોય અને સ્ત્રીને પત્નીને પતિ ઘરની બહાર કાઢી મુકે તેવા સંજોગોમાં બાળકોની કસ્ટડી લેવા માટે સ્ત્રીએ માતાએ કોર્ટ કચેરી કે પોલીસ સ્ટેશનનો સહારો લેવો પડે છે.

હિન્દુ કાયદાની કલમ૨૬માં બાળકોના કબજા બાબતે જણાવવામાં આવ્યું છે. આ કલમ મુજબ સ્ત્રીને બાળકના કબજાનો હક્ક કાયદા દ્વારા મળે છે. સ્ત્રી કોર્ટમાં આ કલમ હેઠળ કેસ કરી બાળકોને કબજો મેળવી શકે છે. આ માટે ફેમીલી કોર્ટ અગર તો જ્યુ. મેડી. ફ.ક. સાહેબની કોર્ટમાં અરજી કરવાની રહે છે. આ અધિનિયમ હેઠળ કોઇ પણ કાર્યવાહીમાં કોર્ટ સગીરના બાળકોના હવાલા તથા ભરણપોષણ અને શિક્ષણ અંગે અને શક્ય હોય તો તેમની ઇચ્છાઓને અનુકૂળ રહીને વખતોવખત પોતાનો ન્યાય અને યોગ્ય લાગે તેવા હુકમો કરી શકશે. અને હુકમનામાથી તેવી જોગવાઇ કરી શકે છે અને હુકમનામુ થયા પછી આવા હેતુઓથી અરજી ઉપરથી સગીર બાળકોના, હવાલા, ભરણપોષણ, શિક્ષણ, દવા, અંગેનું હુકમનામુ, મેળવવાની કાર્યવાહીનો નિકાલ બાકી હોય અને સદર હું હુકમાનામાથી અથવા વચગાળાના હુકમનથી પણ આવા પ્રકારના હુકમ ના. કોર્ટ ફરમાવી શકે છે.

આવા વચગાળાના હુકમો વખતોવખત કેસની પરિસ્થિતિ જોઇને ના. કોર્ટ કરી શકે છે. તથા આવા હુમકો રદબાતલ પણ ના. કોર્ટ કરી શકે છે.

સગીર બાળકોનાં ભરણપોષણની અરજીનો નિકાલ કરવા માટે જયાં સુધી આ અંગેનું આખરીનામું મેળવવાની કાર્યવાહી ચાલુ હશે તે દરમિયાન શક્ય હોય તો સામાવાળાને નોટીસ બજાવી બચાવ કરવાની પુરાવા રજુ કરવાની તક ના. કોર્ટ આપી શકે છે.

પિતા સંતાનોને કુદરતી વાલી હિન્દુ કાયદામાં ગણવામાં આવ્યો હોવાથી બાળકનો હવાલો પિતાને સોંપવો તેવું અગાઉના સમયમાં હતું. પરંતુ સ્ત્રીઓને આ કાયદાની ખાસ રક્ષિત કરવામાં આવ્યા બાદ ૧૪ વર્ષની નીચેનું બાળક માતાને જ સોંપવામાં આવે છે. તેમજ ૧૪ વર્ષ ઉપરાંત ઉંમરના બાળકોને સાંભળીને, તેમની ઇચ્છાને ધ્યાને લઇ ના. કોર્ટ સારાનરસા તમામ પાસાઓનો વિચાર કરી યોગ્ય હુકમ કરે છે. બાળકોનાં ભવિષ્ય, શિક્ષણ, દવા તથા પાયાની જરૂરીયાત, ઉછેર, સંસ્કાર વિગેરે મહત્ત્વની હકીકતો ધ્યાને રાખી ના. કોર્ટ હુકમ કરી બાળકની કસ્ટડી અંગે યોગ્ય હુકમ કરે છે.

બાળકની કસ્ટડી એ મહત્ત્વનો નિર્ણય છે. તેમાંય દિકરીના સંબંધમાં માતાને યોગ્ય વાલી ગણવામાં આવી છે. કારણ કે સ્ત્રી બાળકોની ઉંમર અનુસાર તેના શરીરના અંગોમાં થતા આવશ્યક ફેરફારને સારી રીતે સમજી શકે છે અને તે અંગે જરૂરી સલાહ-સૂચનો અને માહિતી માતા જ શરૂઆતથી સંભાળ રાખતી હોય વિશેષ રીતે જવાબદારી અદા કરી શકે છે તેવું અનુમાન કાયદામાં કરવામાં આવેલ છે. તેથી બાળકીના કિસ્સામાં કુદરતી વાલી ઇષ્ટમિત્ર માતાને ગણવામાં આવે છે. દીકરી પણ માતાને શરમ સંકોચ અનુભવ્યા સિવાય મિત્ર તરીકે પોતાનો પ્રોબ્લેમ્સ કહી શકે છે. તેથી પ્રથમ દૃષ્ટિએ આ બાબત સ્વીકારીને જ ના. કોર્ટ હુકમ કરે છે. દીકરી કાંઇ કહે નહીં તો પણ સમજી જાય તેનું નામ માતા. આથી કોર્ટ દીકરીનો કબજો પહેલેથી જ માતાને સોંપે છે.

ઘણો વખત પતિ સાથે પત્ની કોર્ટમાં ભરણપોષણની અરજી ગુજારે છે, ત્યારે પણ કોર્ટમાં સામાવાળા કહેતા હોય છે કે અમારી આવક ઓછી છે. હું ભરણપોષણ આપી શકું તેમ નથી. જયારે પતિ કમાતો ના હોય અને સ્ત્રી બાળકોનો કબજો માગે તો ના.કોર્ટ આવા સંજોગોમાં પણ બાળકનો કબજો માતાને સોંપે છે અને પતિને બંનેનું ભરણપોષણ કરવા ફરજ પાડી શકે છે. કમાતો નથી તેથી પોતાની સામાજિક જવાબદારીમાંથી પતિ છટકી શકે નહીં. જો માતા પતિ કરતા વધારે કમાય શકે તેવી હોય તો તેવા સંજોગોમાં પણ દીકરીનો કબજો માતાને મળે છે. જયારે માતાપિતા બંને કમાતા હોય ત્યારે તેવા સંજોગોમાં બાળકોનાં ભરણપોષણની જવાબદારી બંનેની સહિયારી સ્વીકારવામાં આવેલ છે. આવકના પ્રમાણમાં આવી જવાબદારી બંનેએ નિભાવવાની કોર્ટ હુકમ કરી શકે છે.

ઘણાં કિસ્સામાં બે બાળકો હોય અને માતાપિતા અલગ થતા હોય તેવા સંજોગોમાં એક બાળક માતા પાસે તથા એક બાળક પિતા પાસે રહે તે રીતના પણ હુકમ ના.કોર્ટ દ્વારા કરવામાં આવે છે.

પરંતુ સંતાન પુત્ર હોય કે પુત્રી નાના હોય ત્યારે માતાના પ્રેમ, હૂફ, વાત્સલ્યની જરૂર પડે તથા માતાના દૂધની સંતાનોને સૌથી વધારે જરૂર પડે તેવા સંજોગોમાં બાળક દીકરો હોય કે દીકરી નાના હોય તો માતા જ સંતાનોની જવાબદારી સારી રીતે નિભાવે તેવું કુદરતી કાયદાથી જ સ્પષ્ય હોય. નાના બાળકોનો કબજો પણ કલમ ૨૬ મુજબ માતાને જ સોંપવામાં આવે છે પછી તે દીકરો હોય કે દીકરી પિતાએ પત્ની તથા બાળકના ભરણપોષણની જવાબદારી નિભાવવી જ પડે છે. કાયદા દ્વારા સ્ત્રીને વિશેષ અધિકારો બજાવામાં આવ્યાં છે.